
## વડીલોને વંદન અભિનંદન



રામભાઈ પટેલ
(૧૯૪૫) મો. ૯૪૨૮૦૪૭૫૮૨

## ઝવેરભાઈ ચાવડાની ૮૬મા જન્મદિને શુભેચ્છાઓ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના દલિત સમાજના અગ્રણી અને પૂર્વ કલેક્ટર તેમજ ગુજરાત વણકર સમાજના વીરમાયા સ્મારક ટ્રસ્ટના પ્રમુખ ઝવેરભાઈ ચાવડાના જીવનના ૮૬મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા હોવાથી સમાજના અગ્રણીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી. ફૂલના બુકે આપી સન્માન કર્યુંહતું. ડી.પી. પરમાર, મહેસાણાના નરસિંહદાસ વણકર, હરજીવનદાસ, મફતલાલ, પી.કે. પરમાર, ચાંદખેડાના પી.આર. અઢિયોલ તથાગત, ટી.આર. સોલંકી, કે. આઈ. પટેલ, રાણીપના ધનજીભાઈ જાદવ, ચીમનભાઈ, ઈસનપુરના વી. પી. વણકર, બાપુનગરના દિનેશ ચાવડા, રાણીપના મનોજ મકવાણા, સમિષચંદ્ર શાહ ઉપસ્થિત રહ્યા હતા. અગ્રણીઓએ ઝવેરભાઈ ચાવડાને સમાજ પ્રત્યેની લાગણી ભાવના ઉજાગર કરવા પરમાત્મા બળ અને આરોગ્ય સાથે તે માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

## પાલનપુરના ધાણગા પાસે રીક્ષા પલટી ખાતા મહિલા ગંભીર

પાલનપુર તાલુકાના ધાણગા પાસે એક રીક્ષા પલટી ખાઈ જતા રીક્ષામાં સવાર એક મહિલાને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાઈ હતી. પાલનપુર તાલુકાના આંબલીયાળ ગામના રહીશ સુરેશભાઈ જગાણીયા પોતાના પરીવાર સાથે રીક્ષામાં પાલનપુર આવી રહ્યા હતા. જો કે અચાનક રસ્તામાં કુતરૂ આવી જતા કુતરાને બચાવવા જતાં રીક્ષા પલટી ખાઈ જવા પામી હતી જેમાં સવાર લીલાબેન સુરેશભાઈ જગાણીયાના માથાના ભાગે પતરૂ પેસી જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ૧૦૮ દ્વારા પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા. જ્યારે હાલત ગંભીર જણાતા વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડાયા હતા.

# દેના બેંક દ્વારા હાઉસીંગ ધિરાણ ક્ષેત્રે ગાંધીનગર જિલ્લા માટે ૨.૨૦ કરોડના એમઓયુ કરાયા

## રાજ્યમાં હાઉસીંગ ક્ષેત્રે ધિરાણ માટે દેના બેંકે કુલ રૂપિયા ૪૫ કરોડના એમઓયુ સાઈન કર્યા

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત રાજ્યમાં ગ્રામીણ હાઉસીંગ ક્ષેત્રમાં ધિરાણ કરવા માટે અગ્રણી બેંક દેનાબેંક દ્વારા મહાત્મા મંદિર ખાતે વાઈબ્રન્ટ સમિટમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં રૂપિયા ૪૫ કરોડના એમઓયુ કરવામાં આવ્યા હતા. આ એમઓયુમાં દેનાબેંક દ્વારા હાઉસીંગ ક્ષેત્રે ધિરાણમાં ગાંધીનગર જિલ્લા માટે રૂપિયા ૨.૨૦ કરોડનો સમાવેશ થાય છે.

ગુજરાત સરકાર દ્વારા સરદાર આવાસ યોજના-૨ અંતર્ગત લાભાર્થીઓને




હાઉસીંગ ક્ષેત્રે સબસીડી આપવામાં આવે છે. આ ઉપરાંત આ ક્ષેત્રે બેંકો દ્વારા ધિરાણ પણ પુરૂ પાડવામાં આવે છે. મહાત્મા મંદિર ખાતે યોજાયેલ સાતમી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં આ ક્ષેત્રે રાજ્ય સરકાર દ્વારા વિવિધ એમઓયુ સાઈન કરવામાં આવ્યા હતા. ગુજરાતની અગ્રગણ્ય બેંક દેના બેંક દ્વારા પણ આ ક્ષેત્રે ધિરાણ કરવા માટે બેંકના ચેરમેન અશ્વિનીકુમાર દ્વારા રૂપિયા ૪૫ કરોડના એમઓયુ સાઈન કરવામાં આવ્યા હતા. આ એમઓયુ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં હાઉસીંગ ક્ષેત્રે ધિરાણ માટે ફાળવવામાં આવેલ રૂપિયા ૨.૨૦ કરોડનો પણ સમાવેશ થાય છે. આ એમઓયુથી સામાન્ય નાગરિક માટે પોતાનુ ઘર ખરીદવા માટેનું સ્વપ્ન પુરૂ કરવા માટેની તક મળશે.

## વન વિભાગના ૧૦ આઈએફએસ અધિકારીઓની બદલી કરાઈ

ગાંધીનગર, તા. ૧૫

રાજ્ય વન વિભાગના ઉચ્ચ અધિકારીઓની બદલીના હૂકમો જારી કરવામાં આવ્યા છે

| નામ | હાલની જગ્યા | બદલીની જગ્યા |
|---|---|---|
| એ.કે. જહા | મુખ્ય વનસંરક્ષક ગાંધીનગર | મુખ્ય વનસંરક્ષક વર્કીંગ પ્લાન, ગાંધીનગર |
| શ્યામલ ટીકાદર | મુખ્ય કા. અધિકારી વોટર શેડ મેનેજમેન્ટ ઓથોરીટી ગાંધીનગર | મુખ્ય વનસંરક્ષક મરીન નેશનલ પાર્ક જામનગર |
| જી. અડઈઆ | મુખ્ય વનસંરક્ષક જૂનાગઢ | મુખ્ય વનસંરક્ષક વાઈલ્ડ લાઈફ સર્કલ, ગાંધીનગર |
| નીત્યાનંદ શ્રીવાસ્તવ | એમ.ડી., ઉત્તર ગુ. વીજ કંપની લીમીટેડ મહેસાણા | મુખ્ય કારોબારી અધિકારી ગુ. મેડીસનલ પ્લાન્ટ બોર્ડ ગાંધીનગર |
| એન.એસ. યાદવ | મુખ્ય વન સંરક્ષક વાઈલ્ડલાઈફ ક્રાઈમ સેલગાંધીનગર | મુખ્ય વનસંરક્ષક ગાંધીનગર સર્કલ |
| બી.કે. સીન્હા | મુખ્ય વનસંરક્ષક બેંકીંગ પ્લાન વડોદરા | સભ્ય સચિવ ગુ. બાયોડાયવરસીટી બોર્ડ ગાંધીનગર |
| એસ.કે. મહેતા | એમ.ડી. ગુ.રા. ગ્રામ્ય વિકાસ નિગમ ગાંધીનગર | મુખ્ય વનસંરક્ષક જૂનાગઢ સર્કલ જૂનાગઢ |
| એસ.એન. ત્યાગી | સંયુક્ત એમ.ડી. ગુ.રા. વન વિકાસ નિગમ વડોદરા | મીશન નિયામક ગુ.રા.બાયોટોકનોલોજી મીશન ગાંધીનગર |
| આર.એલ. મીના | મુખ્ય વનસંરક્ષક વાઈલ્ડલાઈફ સર્કલ જૂનાગઢ | મુખ્ય વનસંરક્ષક વીજીલન્સ અને પ્રોટેક્શન ગાંધીનગર |
| ડૉ. જગદીશ પ્રસાદ | મુ.કા. અધિકારી ગુ.મેડીસીન પ્લાન્ટ બોર્ડ, ગાંધીનગર | મુખ્ય વનસંરક્ષક વલસાડ સર્કલ વલસાડ |
| એમ.એમ. શર્મા | પ્રોજેક્ટ નિયામક નિર્મલ ભારત અભિયાન કમિશનર ગ્રામ વિ. ગાંધીનગર | મુખ્ય વનસંરક્ષક જેબીઆઈસી, ગાંધીનગર |
| ડી.બી. આન્ડે | મુખ્ય વનસંરક્ષક વલસાડ સર્કલ | એમ.ડી. ગુ.રા. ગ્રા.વિ. ગાંધીનગર |
| આર.ડી. કામલોજ | મુખ્ય વન સંરક્ષક મરીન નેશનલ પાર્ક જામનગર | મુખ્ય વનસંરક્ષક અમદાવાદ સામાજીક વનીકરણ, અમદાવાદ |

## મોડાસામાં તુક્કલોએ આકર્ષણ જમાવ્યું

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં ઉત્તરાયણના દિવસે પવનદેવે રિસામણા કર્યા હોય તેમ સંપૂર્ણ દિવસ પવનની ગતિ ૧૦ કીમી./કલાક કરતાં ઓછી ઝડપે લહેરાતાં પતંગબાજોમાં નિરાશા વ્યાપી ગઈ હતી. ઉત્તરાયણનો દિવસ હોવા છતાં આકાશમાંથી રંગબેરંગી પતંગ ગાયબ હતાં. મોડાસા શહેર અને આજુબાજુના ગામડાઓમાં પતંગ રસિયાઓએ ઉત્તરાયણના દિવસે ડી.જે.ના ગીતોના સથવારે પસાર કર્યો હતો જયારે કયાંક કયાંક પવને ગતિ પકડતાં પતંગ રસિયાઓએ ઉત્તરાયણ મનાવી હતી.

મોડાસા શહેર અને આજુબાજુના ગામડાઓમાં પતંગ રસિયાઓ વહેલી સવારથી જ પતંગ ઉડાડવા માટે ધાબાઓ અને અગાસી પર પહોંચી ગયા હતા અને ડી.જે. સંગીતની સાથે આ મહાપર્વને મનાવવા આતુર બની ગયા હતા પરંતુ વહેલી સવારથી જ પવનના અભાવે પતંગ આકાશમાં ચડાવવા માટે ઠુમકા લગાવીને થાકી ગયા હતા. ઉત્તરાયણના દિવસ દરમિયાન કયારેક કયારેક પવનની ગતિ વધારે જોવા મળતી હતી પરંતુ પતંગ ચગાવવાનો આનંદ પુરો ન થતાં નિરાશા વ્યાપી ગઈ હતી. બપોર પછી તો પવને પણ દિશા બદલવાની શરુ કરતાં પતંગ રસિયાઓએ પતંગ ચગાવવાના મુકી ડી.જે.ના તાલે નાચતા ઝુમતા જોવા મળ્યા હતા.

ઉત્તરાયણના દિવસે સાંજના સમયે મોડાસા શહેરના લોકોએ તુકકલને હવામાં ઉડાડયા હતા જેના કારણે અવકાશી નજારો સંપૂર્ણ ઝગમગી ઉઠયો હતો. સાથે મોડાસાના પ્રજાજનોએ આતશબાજી કરી પતંગ ન ઉડાડવાના કારણે મળેલી નિરાશાને આનંદમાં પલ્ટી નાખી હતી.



## મકરસક્રાંતીએ કૂતરાંઓ માટે લાડુ બનાવ્યા

હિન્દુ સંસ્કૃતિમાં દરેક તહેવાર સાથે દાન-પુણ્યનો મહિમા જોડાયેલો હોય છે. સેક્ટર-૨૯ ચ-ટાઈપ મિત્ર મંડળ દ્વારા મકરસક્રાંતિ નિમિત્તે કૂતરા-બિલાડાં વગેરે પ્રાણીઓ માટે લાડુ બનાવવામાં આવ્યા હતા. આ કાર્યમાં જગદીશભાઈ સુથાર, વિનોદભાઈ દરજી, જયમાલભાઈ ઠાકોર, વરિષ્ઠ નાગરિક ગોવિંદભાઈ પરમાર, મનુભાઈ સોની, ચંદનસિંહ, કિરીટકુમાર, વર્ષાબેન, સોનલબેન, ગીતાબેન, હંસાબેન સહિત વૈશાલી, હિના વગેરેએ સહયોગ આપ્યો હતો.

## ખેડબ્રહ્માની હરણાવ નદીમાંથી મૃતદેહ મળ્યો

ખેડબ્રહ્મા શહેરમાંથી પસાર થતી હરણાવ નદીના પટમાંથી આજે એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો.

ખેડબ્રહ્માની હરણાવ નદીમાં ઉત્તરાયણના દિવસે વાસણા ગામના વતની રતીભાઈ નાનજીભાઈ પરમારનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ વ્યકિત દારૂ પીવાની ટેવવાળી અને છેલ્લા ૨૦ વર્ષથી અસ્થિર મગજનો હોઈ નદીમાં પડી જવાથી મોત થયું છે.

## પાલનપુરમાં શિક્ષણની ચિંતન શિબિર યોજાઈ

પાલનપુર, તા. ૧૫

પાલનપુર મુકામે આવેલ શ્રી કે.કે.ગોઠી હાઈસ્કૂલમાં રમતગમત, યુવા સાંસ્કૃતિક -વૃત્તિઓ અને શિક્ષણ રાજયમંત્રી શ્રી નાનુભાઈ વાનાણીના અધ્યક્ષસ્થાને શિક્ષણ ખાતાની ચિંતન શિબિર યોજાઈ હતી. જેમાં બનાસકાંઠા જિલ્લાનું શિક્ષણસ્તર ઉંચુ આવે તે માટેનું મંથન કરવામાં આવ્યું હતું. આ -સંગે -ઽસંગીક -વચન કરતાં મંત્રી શ્રી નાનુભાઈ વાનાણીએ જણાવ્યું હતુ કે ગુજરાત આજે તમામ ક્ષેત્રોમાં -ગતિના સોપાનો સર કરી રહ્ઞુ છે ત્યારે શિક્ષણ ક્ષેત્ર પણ તેમાંથી બાકાત ન રહે તે માટે રાજયના બધા જ જિલ્લાઓમાં આ -કારની ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવી રહ્ઞું છે. અને અત્યાર સુધીમાં ૧૧ જિલ્લાઓમાં આવી ચિંતન શિબિરો યોજવામાં આવી છે. જેના ખુબ સારા પરિણામો મળ્યા છે. મંત્રીશ્રીએ કહ્ઞુ કે આજના ટેકનોલોજી અને સ્પર્ધાના યુગમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપર ભાર મુકી બનાસકાંઠા જિલ્લાને શિક્ષણક્ષેત્રે નંબર વન બનાવીએ. તેમણે કહ્ઞુ કે ટેકનોલજીના જમાનામાં આપણી ઈચ્છાશકિત હોય તો ટેકનોલોજીની મદદથી ધાર્યુ પરિણામ મેળવી શકાય છે.

મંત્રીશ્રી વાનાણીએ કહ્ઞુ કે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ગુણવતાયુક્ત શિક્ષણ આગ્રહી હોવાથી દર મહિને એકવાર -ાથમિક શાળાની આકસ્મિક મુલાકાત લે છે. ત્યારે તાલુકા -ાથમિક શિક્ષણાધિકારી અને શિક્ષણના સુપરવીઝનમાં રોકાયેલા તમામ અધિકારીઓએ રેગ્યુલર શાળાઓમાં જઈ સુપરવીઝન કરવું જાઈએ. તેમણે ભારપૂર્વ જણાવ્યુ કે જરાપણ વિચલિત થયા વિના આપણી નબળાઈઓ અને કચાશ દૂર કરી આપણી પાસે સમાજ જે અપેક્ષાઓ અને આશાઓ રાખે છે તે પુરી કરીએ. તેમણે કહ્ઞુ કે રાજયના છેવાડાના વિસ્તારોમાં સરકારી શાળાઓમાં વિધાર્થીઓના ભાવિ ઘડતરનું કામ શિક્ષકો કરી રહ્ઞા છે. તેમણે કહ્ઞુ કે સરકારી શાળાઓમાં કોઈપણ -કારની ફી વગર ગરીબ બાળકો ભણી ગણી તૈયાર થઈ રહ્ઞા છે. તેમણે એસ.એમ.સી. કમિટીને સક્રિય કરવા અધિકારીઓને સુચના આપી હતી.

કલેકટરશ્રી દિલીપ રાણાએ જણાવ્યુ હતુ કે બનાસકાંઠા જિલ્લો શિક્ષણની બાબતની ખુબ આગળ વધે તે માટે તંત્ર ધ્વારા અવનાવા -યોગો કરવામાં આવી રહ્ઞા છે. જેના ખુબ સરસ પરિણામ મળ્યા છે. તેમણે કહ્ઞુ કે ૧૦૦ ટકા બાળકો શાળામાં -વેશ મેળવે તે માટે ઈનોવેટીવ કામગીરી કરવામાં આવી છે. તેમણે કહ્ઞુ કે જિલ્લામાં ૨૦ જેટલી -ાથમિક શાળાઓને મોડેલ સ્કુલ તરીકે વિકસાવવામાં આવશે.




(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પાલનપુરમાં કાતીલ દોરીથી ૫૦ થી વધુ પક્ષીઓ ઘવાયા

કેટલાય પક્ષીઓ પણ કાતિલ દોરીથી ઘવાઈને ઈજા પામ્યા હતા. જેમાં પાલનપુર શહેરમાં પણ ૭૦ થી વધુ પક્ષીઓ કાતીલ દોરીના શિકાર બની ઘવાયા હોવાના અને ૩ જેટલા પક્ષીઓના મોત થયા હતા. કાતીલ દોરીથી ગરદન અને પાંખોમાં ઘાયલ થયેલ પક્ષીઓને સારવાર માટે પાલનપુર શહેરમાં અલગ અલગ ચાર સ્થળોએ સારવાર કેમ્પ લગાવવામાં આવ્યા હતા. જેમાં પાલનપુરમાં કાતીલ દોરીથી ઘવાયેલા ઘાયલ પક્ષીઓ માટે સારવાર કેમ્પોનું આયોજન કરાયું હતું. જેમાં કૃષિ યુનિવર્સિટીના પ્રિન્સીપાલ એન.એમ. શાહ, ગીરીશભાઈ જગાણીયા તથા વેટેનરી ડૉ. વિ.કે. શર્માએ પોતાની ટીમ સાથે સેવા આપી હતી. દર વર્ષે ઉત્તરાયણ પર્વમાં બજારમાં મળતી ચાઈનીઝ, સિન્થેટીક અને કાચ પાયેલી કાતીલ દોરીઓથી પક્ષીઓ ઘાયલ થતાં હોય છે.

## શબ્દાવલી - ૫૬૧૭



### આડી ચાવી

૧. યુનિફોર્મ (૪)
૪. ચુકતે થયેલ હોય તેવું (૩)
૬. અંકુર, કોટો ફુટવો (૩)
૮. આંકડો, ક્રમાંક (૩)
૧૦. જડીબુટ્ટીના વણાટનું કાપડ (૪)
૧૨. ભાવ, કિંમત (૨)
૧૩. .... નો બકરો બનાવવો (૨)
૧૪. પેન, પેન્સિલ (૩)
૧૮. કોતરકામ (૪)
૧૯. સેવા, નોકરી (૩)
૨૧. વધેરવું, .... કરવો (૨)
૨૨. સૂર્ય, ભાસ્કર (૨)
૨૩. દેવું, ઋણ (૩)
૨૪. મુગટ (૨)

### ઊભી ચાવી

૧. ગણપતિનું એક નામ (૪)
૨. બટાકા-કેળા વગેરેની ચીપ્સ (૩)
૩. એક જાતનો છોડ કે તેના રેસા (૨)
૫. એક પછી (૪)
૭. અવાજ ઘોંઘાટ (૩)
૯. ફાયદો, લાભ (૪)
૧૧. ઉપકાર, ધન્યવાદ (૪)
૧૫. 'કલરવ' શબ્દ આડોઅવળો (૪)
૧૬. માથે મણી હોય તેવો નાગ (૪)
૧૭. અથાણાને હિન્દીમાં... કહેવાય (૩)
૧૮. વર્તમાન પત્રમાં લખાણની ઉભી ઓળ (૩)
૨૦. કાવ્ય (૩)

### શબ્દાવલી ૫૬૧૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) તમસ (૩) સતેજ (૬) રણ (૭) મારતલ (૮) સરભર (૧૦) બકાલુ (૧૨) ગુડા (૧૩) રનવે (૧૪) પાલવ (૧૫) આભા (૧૬) મુકામ (૧૭) વરીયાળી (૧૯) હોમ (૨૧) સાવરણી

**ઊભી ચાવી :-** (૧) તરકીબ (૨) મણ (૩) સરભરા (૪) તેતર (૫) જલ (૭) માર (૮) સલુન (૯) પડાવ (૧૧) કારભારી (૧૪) પાકા (૧૫) આવક (૧૮) યાદ (૨૦) મણી



ધનસુરા તાલુકાના વડાગામમાં ઉત્તરાયણની ધામધૂમપૂર્વક ઉજવણી વડાગામના યુવાનોએ પતંગ ચઢાવી આગાસી ઉપર ડી.જે.ના તાલે આનંદ ઉઠાવ્યો હતો તેમજ ધાબા ઉપર તલ-સાંકળીની જયાફત ઉડાવી હતી. (તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)



મોડાસા શહેરના માલપુર માર્ગ પર મારૂતિ વિકાસ મંડળ અને અરવલ્લી જીવદયા ટ્રસ્ટના સભ્યોએ પતંગની દોરીથી ઘવાયેલા પક્ષીઓ માટે સારવાર કેન્દ્રનું નિર્માણ કરી દોરીથી ઘવાયેલા ૨૦થી વધારે પક્ષીઓને સારવાર આપી નવજીવન આપ્યુ હતુ. આ ટીમમાં જીવદયા ટ્રસ્ટના નિલેષ જોષી, અંકિત પટેલ, ડૉ. રાકેશ જોષી, ડૉ. કિરણ પટેલ, હાજીભાઈ, સાગર પંડ્યાએ સેવાઓ આપી હતી. (તસવીર : જય અમીન, મોડાસા)

## પલ્સ પોલિયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર માટે ૫૦ જેટલી મોબાઈલ ટીમો તેમજ ૧૨ થી વધુ ટ્રાન્ઝીટ ટીમો બનાવવામાં આવી છે.

સમગ્ર જિલ્લામાં પાંચ હજારથી વધુ આરોગ્ય કર્મચારીઓ આ અભિયાનમાં ફરજ બજાવશે. અભિયાનના દિવસે ૮૫ ટકાથી વધુ બાળકોને આવરી લેવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. શહેરી વિસ્તારમાં પણ આયોજનની સફળતા માટે સઘન આયોજન મનપા દ્વારા કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં ઈટવાડા સહિતના અંતરિયાળ વિસ્તારમાં રહેલા શ્રમિક પરિવારના બાળકોને પણ આવરી લેવામાં આવનાર છે. જિલ્લાના ચારેય તાલુકામાં આ માટે લાયઝન અધિકારીઓની નિયુક્તી કરી દેવામાં આવી છે. જે દર બે કલાકે અભિયાનની કામગીરીનો અહેવાલ જિલ્લાકક્ષાએ આપશે. ગાંધીનગર જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનને સફળ બનાવવા માટેનું આયોજન આખરી કરી દેવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

## વાઈબ્રન્ટ તોડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જાણી. સરકારી કર્મચારી હોવાનો તથા પ્રતિષ્ઠા ગુમાવવાનો ઉપરાંત ચોરીનો ગુનો દાખલ થાય તો નોકરી જતી રહેવાનો ડર બતાવી સાહેબે દોઢ લાખમાં પતાવટ કરવાનુ મોં ખોલ્યું...! ખુબ જ ગભરાઈ ગયેલા ને આ ચુંગાલમાંથી તાત્કાલિક બહાર નીકળવા બંને મિત્રોએ ડીલમાં રકઝક કરીને અંતે રૂ. ૫૦ હજારમાં પતાવટ થઈ હતી. બે કુંડા બે મિત્રોને ૫૦ હજારમાં એટલે કે એકને રૂ. ૨૫ હજાર અને બીજાને રૂ. ૨૫ હજારમાં કુંડુ પડ્યું હતું.

## ઈમર્જન્સી કોલ આવ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્વાસને લગતા તથા અકસ્માતના બનાવોનો સમાવેશ થાય છે. જિલ્લામાંથી ૧૦૮ એમ્બ્યુલન્સને મળેલા ઉત્તરાયણ પર્વ દરમિયાનનાં ૧૩૨ ઈમર્જન્સી કોલ પૈકી સદભાગ્યે એક પણ કોલ જીવલેણ બનાવ સંદર્ભનો ન હતો. કયાંક મારામારીના તો કયાંક ધાબા પરથી પટકાવવાના અને ચાલુ વાહને દોરી વાગવાથી ગળે ઈજા થવાના બનાવો પણ બન્યા હતાં. ઉત્તરાયણમાં વાતાવરણને પગલે ઓછા પતંગ ચગ્યા હતાં. વાસી ઉત્તરાયણે ઈમર્જન્સી કોલ વધુ આવ્યા હતાં.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**નિવિદા નં. ૧૨ સને : ૨૦૧૪-૧૫**

કાર્યપાલક ઈજનેર જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, ૨૦૧ જલભવન, નવા સરકીટ હાઉસ પાસે, વિજાપુર બાયપાસ રોડ, હિંમતનગર. ફોન નં. ૦૨૭૭૨-૨૪૫૭૦૩ની કચેરી દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી નીચે જણાવેલ કામગીરી માટે પાણી પુરવઠા બોર્ડ દ્વારા સા.કાં. જિલ્લાના જુદી જુદી જુથ પા.પુ. યોજનાના જુદા જુદા હેડવર્કસ ઉપર મીસીંગલીંક પ્રોગ્રામ અન્વયે પંપીંગ મશીનરી અને ઈલેક્ટ્રોમિકેનીકલ કામોને લગતા માલ-સામાન પુરા પાડી ઈરેકશન, ટેસ્ટીંગ અને કમીશનીંગ કરી ૨૪ માસ માટે મરામત અને નિભાવણીના કામોના કુલ-૧ થી ૪ કામોના રૂ. ૫૯.૭૮ લાખથી રૂ. ૧૮૪.૧૦ લાખના આઈડી નં. ૧૬૫૨૪૮, ૧૬૫૨૪૯, ૧૬૫૨૫૦, ૧૬૫૨૫૧ના કામોના માઈલ સ્ટોન ડેટામાં માગ્યા મુજબ લાયકાત ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. વિગતવાર ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેન્ટ્સ www.nprocure.com પર ઉપલબ્ધ છે. ટેન્ડર ઓનલાઈન અપલોડ કરવાની છેલ્લી તા. ૨/૨/૨૦૧૫ને ૧૮-૦૦ કલાકે સુધી છે. અને રજી.પો.એ.ડી.થી હાર્ડ કોપીમાં દસ્તાવેજ મેળવવાની છેલ્લી તા.૯/૨/૨૦૧૫ છે. ઉપરોક્ત કામો માટેના ભાવપત્રકોમાં હવે પછીના કોઈપણ સુધારા વધારા સંબંધિત વેબસાઈટ ઉપર પ્રદર્શિત કરવામાં આવશે. ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડના સક્ષમ કક્ષા દ્વારા ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે.

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૩૮૪/૨૦૧૫

**રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ**
**ગ્રામ વોટસન સમિતિ - ધાગડીયા, તાલુકો દાંતા**

ધાગડીયા મુકામે રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત રકમ કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો પાણી સમિતિ, ધાગડીયા દ્વારા તા. ૨૦/૧/૨૦૧૫થી જરૂરી ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે અને ભાવ ભરી રજી.પો.એ.ડી.થી તા. ૨૮/૧/૨૦૧૫ સુધીમાં જળ અને સ્વચ્છતા સમિતિ - ધાગડીયા, તાલુકો - દાંતાને પરત મોકલવાના રહેશે. કરેલ કામગીરીનું ચુકવણું પાણી સમિતિ મારફત કરવામાં આવશે. કોઈપણ જાતનું કારણ આપ્યા વગર આવેલ ભાવો પૈકી કોઈપણ ટેન્ડર મંજુર કરવા કે બધા જ ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર પાણી સમિતિનો રહેશે. વધુ વિગત માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com પરથી જોઈ શકાશે.

| અ. નં. | કામનું નામ | ૧) અંદાજીત રકમ ૨) ટેન્ડર ફી રૂ. ૩) શ્રેણી |
|---|---|---|
| ૧ | ધાગડીયા, તાલુકો : દાંતા મુકામે રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના હેઠળ ઉંચી ટાંકીનું કામ | ૧) રૂ. ૩,૧૨,૨૯૮.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ ૩) ઈ-૨ કલાસ તથા ઉપર |
| ૨ | ધાગડીયા, તાલુકો : દાંતા મુકામે રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના હેઠળ પાઈપલાઈનનું કામ. | ૧) રૂ. ૪,૧૭,૫૫૦.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ ૩) ઈ-૨ કલાસ તથા ઉપર |
| ૩ | ધાગડીયા, તાલુકો : દાંતા મુકામે રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના હેઠળ હવાડા, જમીનતળની ટાંકી, નળ કનેક્શન અને સ્ટેન્ડ પોસાટનું કામ | ૧) રૂ. ૪,૪૪,૭૨૯.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ ૩) ઈ-૨ કલાસ તથા ઉપર |

ક્રમાંક : નામાનિ/પાલન/૫૦૪/૨૦૧૪-૨૦૧૫